પરિવર્તનનું પ્રતિબિંબ
ગુજરાત મિરર
ગ્રુપનું સાંધ્ય દૈનિક

Saurashtra 15 April, 2019

# વાંકાનેરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન કેન્દ્ર સ્થાપના દિન ઉજવાયો

## ▶ લોકસેવાના કેમ્પો યોજી લોકોપયોગી કાર્યો કર્યા




મોરબી તા.૧૫

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર ખાતે આવેલ આશ્રમની વાંકાનેર સેન્ટરના સ્થાપના દિન નિમિત્તે લોકસેવાના અનન્ય કાર્યો યોજવામાં આવેલ. આમ તો વર્ષ દરમિયાન અનેક લોક ઉપયોગી તેમજ વિદ્યાર્થીઓને રાહત દરે પુસ્તકો વિતરણનું કાર્ય વાંકાનેર સેન્ટર ખાતે ચાલુ જ રહે છે.

ખાસ વાંકાનેર માં સ્થાપના દિન નિમિત્તે ધરમપુરના આશ્રમ ખાતેથી પધારેલા અતિથિ ગણોની ઉપસ્થિતિમાં વાંકાનેરમાં સવારે ફ્રી મેડિકલ કેમ્પ યોજવામાં આવેલ જેમાં વાંકાનેરના બહોળી સંખ્યામાં લોકોએ આ કેમ્પનો લાભ લીધેલ. તે ઉપરાંત વાંકાનેર સેન્ટરના શીતલબેન શાહની આગેવાનીમાં વાંકાનેરની ઝુંપડપટ્ટી વિસ્તારના બાળકોને તેમના ગ્રુપના હાથે બનાવેલ મસાલેદાર ખીચડી અને સ્વાદિષ્ટ મીઠાઈનું વિતરણ કરી બાળકોને ખુશી આપવાનું અનેરું આયોજન કરવામાં આવેલ તેમજ ગરમીના દિવસોમાં બપોરે બજારમાં ઠંડી છાશ નું વિતરણ કરવામાં આવેલ તેમજ સાંજે વૃદ્ધાશ્રમમાં વૃદ્ધો સાથે સ્વાદિષ્ટ ભોજન અને મીઠાઈ ખવડાવી વૃદ્ધોની એક સાંજ યાદગાર બનાવેલ તે ઉપરાંત વાંકાનેરના માનસિક વિકલાંગ બાળકોની સ્કૂલમાં જઈ બાળકોને મીઠાઈ તેમજ રમકડાં આપી બાળકો સાથે હસી-મજાકમાં સમય પસાર કરેલ હતુ.

વાંકાનેર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર મિશનના સેન્ટરને એક વર્ષ પરિપૂર્ણ થતાં વાંકાનેરની જનતાને આ સેન્ટરના સ્થાપના દિન નિમિત્તે સેવાકીય કાર્ય કરી કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ હતુ.